# ઈડીઆઈઆઈના કેમ્પસમાં આંતરપ્રિન્યોરશિપ થ્રૂ કોઓપરેટિવ મૂવમેન્ટ પ્રોગ્રામ યોજાયો

અમદાવાદ, આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે અમૂલ અને ઈફકો સાથે જોડાણમાં ઈડીઆઈઆઈના કેમ્પસમાં શુક્રવારે નેશનલ કોઓપરેટિવ વીકની ઉજવણી કરી હતી. પ્રોગ્રામના પ્રથમ કાર્યક્રમ 'પ્રમોટિંગ આંતરપ્રિન્યોરશિપ થ્રૂ કોઓપરેટિવ મૂવમેન્ટ'માં મુખ્ય અતિથિ શ્રી અનિલ કુમાર બાયતી, જનરલ મેનેજર, અમૂલફેડ ડેરી, ગાંધીનગર, ગુજરાત; ગેસ્ટ ઓફ ઓનર, શ્રી પી એમ મેવા, ચીફ જનરલ મેનેજર (માર્કેટિંગ), ઈફકો, કલોલ, ગાંધીનગર, ગુજરાત અને સ્પેશયલ ગેસ્ટ, પ્રોફેસર (ડો.) રાના સિંહ, ડિરેક્ટર, ચંદ્રગુપ્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ પટણા (સીઆઈએમપી), પટણા, બિહાર હતા. આ પ્રસંગે ઈડીઆઈઆઈએ આ સંસ્થા સાથે એમઓયુ પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્ર અને સહકારી આંદોલનના ૩૦૦થી વધારે સફળ વ્યવસાયિકો તથા વિવિધ યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ સામેલ થયા હતા, જેમાં સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, ઈમ્ફાલ, ઉદયભાનસિંહજી રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર, રાજમાતા વિજયરાજે સિંધિયા કૃષિ વિશ્વ વિદ્યાલય, ગ્વાલિયર, ઉડાન ટ્રસ્ટ ઓફ સોશિયલ વર્ક, વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનીયરિંગ કોલેજ, અમદાવાદ, સ્ટાર્ટઅપ્સ, એકેડેમિયા, ઉદ્યોગસાહસિકો અને નીતિનિર્માતાઓ સામેલ હતા.

અમૂલફેડ ડેરી, ગાંધીનગર, ગુજરાતના જનરલ મેનેજર શ્રી અનિલ કુમાર બાયતીએ અમૂલના મૂળિયા વિશે જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, "આ સહકારી ડેરી વિકાસ માટે આદર્શ છે.